# મુખ્યમંત્રીની ૧૩૦ દિવસમાં ચાર્ટર્ડ પ્લેનમાં ૧૪ વાર સફર

## ચાર વખત સ્ટેટ એરક્રાફ્ટમાં મુસાફરી કરીઃ ૧૮ મુસાફરીનો ખર્ચ રૂપિયા ૧.૫૩ કરોડથી પણ વધારે મોદીએ નવ વિદેશ પ્રવાસ ઉદ્યોગપતિના પ્લેનમાં કર્યા

ગાંધીનગર, શનિવાર

ગુજરાત વિધાનસભામાં આજે સામાન્ય વહિવટ વિભાગની માગણીઓ પરની ચર્ચામાં કોંગ્રેસના ધારાસભ્ય અને વિપક્ષના પૂર્વ નેતા અર્જુન મોઢવાડિયાએ મહાત્મા ગાંધીજીના સાદગીના દાખલા ટાંકીને મુખ્યમંત્રીના હવાઈ ઉડ્ડીયન પાછળ થયેલા ખર્ચની વિગતો આપી હતી. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૧લી જાન્યુઆરીથી પાંચ મહીનામાં ૧૮ વખતની મુસાફરીમાં ૧૪ વખત ચાર્ટર પ્લેનમાં મુસાફરી કરી હત. આ મુસાફરી પાછળ રૂા. ૧,૫૩,૩૧,૩૫૬નો ખર્ચ થયો હતો. આ ઉપરાંત કુલ ૧૨ વિદેશ પ્રવાસમાંથી ૯ વિદેશ પ્રવાસ મોટા ઉદ્યોગપતિઓ સાથે ચાર્ટર પ્લેનમાં કર્યા હતા.

મોઢવાડિયાએ ચર્ચામાં ભાગ લેતા કહ્યુ હતુ કે ભાજપ રાજ્ય સરકાર અધિકારીઓનો દુરુપયોગ કરીને તેમનું મનોબળ તોડી રહી છે. ગુજરાતમાં ઈન્ડિયન એડમનિસ્ટ્રેટીવ સર્વિસના ચોક્કસ અધિકારીઓ ઈન્ડિયન મોદી સર્વિસના અધિકારીઓ બની ગયા છે. મહાત્મા ગાંધીજી રેલવેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા. જ્યારે મુખ્યમંત્રી મોદીને સરકારી પ્લેન ફાવતુ નથી એટલે ઉદ્યોગપતિઓના લકઝરી ચાર્ટર પ્લેનનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં ઉદ્યોગપતિઓ પર ભાર ન પડે એટલા માટે આ ચાર્ટર પ્લેનનું ભાડુ પણ સરકાર ચૂકવવા માંડી છે. પાંચ વર્ષના ગાળાની અંદર મુખ્યમંત્રીએ રૂા.૧૬ કરોડની ઉદ્યોગપતિઓ તરફથી ચાર્ટર પ્લેનની સેવાઓ લીધી હતી એના બદલામાં ઉદ્યોગપતિઓને અબજો રૂપિયાના ફાયદા કરાવી આપ્યા છે.

# પાક. દ્વારા અરબી સમુદ્રમાં મિસાઈલ-ટોરપીડોના પરીક્ષણ

## મેલી મુરાદ ધરાવતી તાકાતોને એક સ્પષ્ટ સંદેશો આપવા માટે અમારા પરીક્ષણો સફળ રહ્યા છે : પાક. નૌકાદળ

ઈસ્લામાબાદ, શનિવાર

દેખીતી રીતે જ જૂના શત્રુ ભારતનો નામ ઉલ્લેખ કર્યા વગર ''તોફાની'' તાકાતોને સંદેશો મોકલવા માટે પરીક્ષણો કર્યા છે તેમ કહીને પાકિસ્તાનના નૌકાદળે શુક્રવારે મિસાઈલો અને ટોરપીડોના શ્રેણીબદ્ધ સફળ પરીક્ષણો કર્યા હતા. આ પરીક્ષણ અરબી સમુદ્રમાં કરાયા હતા અને ત્યાં વિવિધ એરક્રાફ્ટ, સબમરીન અને જહાજોનો કાફલો એકત્ર કરાયો હતો. આજે પરીક્ષણ કરાયેલી મિસાઈલો અણુશસ્ત્રનું વહન કરવા માટે સક્ષમ છે કે નહીં તેમ તરત જાણવા મળ્યું નથી.

ભારત અને પાકિસ્તાન બંને અણુ સંપન્ન દેશો છે અને કટ્ટર શત્રુ છે. જેઓ અવાર નવાર તેમના નવા શસ્ત્રોનું પરીક્ષણ કરતા હોય છે. રાજદ્વારી સંધિ મુજબ આવા પરીક્ષણ પહેલા બંને દેશ સામાન્ય રીતે એકબીજાને વાકેફ કરતા હોય છે. પાકિસ્તાની નૌકાદળે કહ્યું હતું કે મેલી મુરાદ ધરાવતી તાકાતોને એક સંદેશો આપવા માટે અમારા પરીક્ષણો સફળ રહ્યા છે.

પાકિસ્તાની નૌકાદળના બીજા અધિકારીએ જોકે આ નિવેદનને વધુ સવિસ્તાર સ્વરૂપ આપવાનો ઈનકાર કર્યો હતો. બંને દેશ દ્વારા જ્યારે પણ આવા પરીક્ષણ કરવામાં આવે છે ત્યારે તેના પછી આવા ભડકાવનારા નિવેદનો તેમના કરાતા હોય છે ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ યુદ્ધ થઈ ચૂક્યા છે.

## ભાજપની સરકાર ગુનેગાર કોણ છે, તે જોતી નથી : ગૃહમંત્રી

ગાંધીનગર, શનિવાર

ગૃહ રાજ્યમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુનેગાર કોણ છે એ જોતી નથ, તેણે ગુનો કર્યો છે કે નહીં તેટલું જ જોઈને તેને સજા કરે છે. પોરબંદર શહેર અને જિલ્લામાં થયેલા ખૂન-હત્યાના બનાવો સંદર્ભના પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી અમિત શાહે જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ દરમિયાન નોંધાયેલા ૪૩ ગુનાઓમાંથી ૪૨ ગુનાઓ શોધાઈ ગયા છે. ૧૩૦ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરાઈ છે. તેમાંથી ૧૨૬ આરોપીઓ પકડાઈ ગયા છે. બે આરોપીઓ મૃત્યુ પામ્યા છે અને માત્ર બે આરોપીઓની જ શોધ ચાલુ છે. વિપક્ષના સભ્ય અને પોરબંદરના પ્રતિનિધિ અર્જુન મોઢવાડિયાએ પણ વિધાનસભામાં સ્વીકાર્યુ હતુ કે પોરબંદરમાં અગાઉ જેવી પરિસ્થિતિ હતી એવી આજે નથી. ગૃહ રાજ્યમંત્રી અમિત શાહે વિપક્ષના સભ્ય મોઢવાડિયાના સ્પીરીટ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યુ હતુ કે, ભારતીય જનતા પાર્ટીના સક્રિય સભ્ય હતા એવા ૩ સભ્યો જેલમાં છે, ભાજપની સરકાર માત્ર ગુનેગાર છે કે નહીં તે જ જુએ છે.

# અન્ય રાજ્યોએ ગુજરાત કરતા વધુ રોકાણ મેળવ્યું

## આખા દેશમાં સૌથી વધુ વીજકર ગુજરાતમાં લેવાય : સિદ્ધાર્થ પટેલ

ગાંધીનગર, શનિવાર

આજે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, મોટામોટા મેળાવડા યોજીને એને મોટી જાહેરાતો આપીને યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં કરવામાં આવેલ એમ.ઓ.યુ.ના અમલનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. વર્ષ ૨૦૦૩માં રૂા.૬૬,૦૬૮ કરોડના મૂડીરોકાણના એમ.ઓ.યુમાં આજે સાત વર્ષ બાદ પણ માત્ર ૫૫ ટકા અમલ થયો છે. વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૭માં થયેલ એમ.ઓ.યુ.નાઅમલવારીની ટકાવારી ૮ ટકા છે. પટેલે જણાવ્યું હતું કે, બીજા રાજ્યો વાયબ્રન્ટ સમિટવગર પણ મોટું મૂડીરોકાણ મેળવી રહ્યા છે. ૨૦૦૮-૦૯ના આંકડા જોઈએ તો, મધ્યપ્રદેશ રૂા.૧,૯૬,૦૦૦ કરોડ અને છત્તીસગઢ જેવા રાજ્યે રૂા. ૧,૮૪,૦૦૦ કરોડના મૂડીરોકાણ મેળવેલ છે. જ્યારે ગુજરાત માત્ર રૂા.૯૨,૦૦૦ કરોડનું જ મૂડીરોકાણ મેળવી શક્યું છે.

રાજ્યમાં વીજળીની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં પટેલે જણાવ્યું હતું કે, આખા દેશમાં સૌથી વધુ વીજકર ગુજરાતમાં લેવાય છે. ૮૦ લાખ વીજગ્રાહકોએ વીજકરનું રૂા. ૨,૬૦૦ કરોડનું ભારણ સહન કરવું પડે છે. લગભગ ૩૦ જેટલા સંગઠનોએ વીજ નિયમન પંચ સમક્ષ આ અંગે રજુઆત કરી છે અને પંચે પણ અન્ય રાજ્યોની મરખામણીમાં વીજકરનું ભારણ ઘટાડવા સૂચન કરેલ છે. તે જોતા, બજેટમાં રાહત આપશે તેવી આશા હતી, પરંતુ તે ઠંગારી નીવડી છે. ખેડૂતોને અપાતી વીજળીમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. શ્રી સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા સ્થપાયેલ ટાટાના અલ્ટ્રા પાવર પ્રોજેક્ટમાંથી રૂા. ૨.૨૫ના દરે પચ્ચીસ વર્ષ સુધી વીજળી મળનાર છે. કેન્દ્ર સરકારે ૪,૦૦૦ મેગાવોટનો બીજો પ્રોજેક્ટ સ્થાપવા તૈયારી દર્શાવી છે, પરંતુ તે દિશામાં ગુજરાત સરકાર નક્કર પગલાં લેતી હોય તેમ જણાતું નથી.

મોટા ઉદ્યોગો પર ધ્યાન અપા. છે, પરંતુ નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગો પર આપવું જોઈએ તેટલું ધ્યાન આપતુ